પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ભરૂચ.
એલ.આઇ.બી. શાખા
ફોન નંબર : ૦૨૬૪૨ ૨૨૩૩૫૦
ઇ-મેઇલ : lib-sp-bha@gujarat.gov.in

નંબર : LIB/MMS/ગ્રીન/વિકલી/ /૨૦૨૨,
તારીખ : ૦૩/૦૭/૨૦૨૨.

**વિષય : તારીખ : ૨૭/૦૬/૨૦૨૨ થી તારીખ : ૦૩/૦૭/૨૦૨૨ સુધીના ગ્રીન કેટેગરીના પેપર કટીંગની માહિતી મોકલવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તારીખ : ૨૭/૦૬/૨૦૨૨ થી તારીખ : ૦૩/૦૭/૨૦૨૨ સુધીમાં જુદા-જુદા ન્યુઝપેપરમાં આવેલ ગ્રીન કેટેગરીના સારી કામગીરીના પેપર કટીંગની માહિતી તૈયાર કરી આ સાથે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

(બી.એન.સગર)
પોલીસ ઇન્સપેક્ટર
એલ.આઇ.બી., ભરૂચ

સ.સા. રવાના ;
કોમ્પ્યુટર શાખા તરફ

**DATE: 27/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 40 હજાર રૂપિયા અને મોપેડ જપ્ત કર્યાં

# ભરૂચ પંથકમાં બે સ્થળે જુગાર રમતાં 9 ઝડપાયાં, 5 જણા ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ પંથકમાં પોલીસે અલગ અલગ બે સ્થળે જામેલી જુગારની મહેફિલ પર દરોડાં પાડ્યાં હતાં. પોલીસે કુલ 12 લોકોની ધરપકડ કરી જ્યારે 5 જણા નાસી છુટ્યાં હતાં. પોલીસે ઝડપાયેલાં આરોપીઓ પાસેથી રોકડાં રૂપિયા 40 હજાર તેમજ એક મોપેડ જપ્ત કરી છે.

ભરૂચ શહેરના બહુચરાજી ઓવારા પાસે નદીના પટમાં મોબાઈલની લાઈટના અજવાળે કેટલાંક શખ્સો જુગાર રમતાં હોઈ બી ડિવિઝન પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસે જુગારિયાઓ પૈકી કિશન અશોક ચુડાસમા તેમજ રોહન ધનસુખ મિસ્ત્રીને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે શની વસાવા, સઈદ વિહોરી તેમજ જાકીર ગુલામ શેખ પોલીસને ચકમો આપી નાસી છુટ્યાં હતાં. પોલીસે દાવપર લાગેલાં અને અંગજડતીના કુલ 28 હજાર ઉપરાંત તેમજ બે મોબાઈલ અને અને એક મોપેડ જપ્ત કરી તમામ વિરૂદ્ધ બી ડીવિઝનમાં ફરિયાદ નોંધાઈ હતી.

નબીપુર પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ઝંઘાર ગામે નવીનગરી પાસે ગૌચરની જગ્યામાં કેટલાંક જુગારિયાઓ બેટરીના અજવાળે જુગાર રમી રહ્યાં છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી વિજય ભીખા વસાવા, મહેશ જગદીશ પાટણવાડીયા, રાહુલ મેલા વસાવા, કિરણ અંબુ વસાવા, સંજય શના વસાવા, ગણેશ સંતુ વસાવા તેમજ ભીખા મોહન વસાવા ઝડપાઈ ગયાં હતાં. જ્યારે દશરથ ભીખા વસાવા અને અંકુર ભુપત પાટણવાડિયા નાસી છુટ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડ રૂપિયા 12 હજાર જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 27/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# વાલીયા પોલીસે દારૂની ખેપ મારતી બે કાર ઝડપી પાડી

વાલિયા | વાલિયા પોલીસે ટવેરા ગાડી અને મારૂતિ સિયાઝ ગાડી વાડીથી વાલીયા તરફ આવે છે જેમા ઈંગ્લીસ દારૂ ભરેલ છે આ બાતમીના મીરાપુર ગામના રસ્તા ઉપર ઉભા રહી વોચ ગોઠવી હતી. તે અરસામાં આ નંબર વાળી ગાડીઓ તેના ડ્રાઈવરો વાડીથી વાલીયા તરફ સ્પીડમાં ભગાવતા પીછો કરી ધવલ ઉર્ફે જાડીયા રાજેન્દ્ર ગામીત, અઝરૂદ્દીન હસનોદ્દીન ઉર્ફે અઝર શેખને પકડી 83 હજારનો વિદેશી દારૂ જ્યારે મોબાઈલ ફોન 1 ,સીઆઝ ગાડી -5 લાખ અને ટવેરા 2 લાખ મળી કુલ 7.87 લાખનો મુદ્દામાલ ઝડપાય ગયો હતો.

## અંબિકાનગર સોસાયટીમાં પોલીસે દરોડો પાડ્યો

# ભરૂચમાં બૂટલેગરના ઘરમાં સંતાડેલો ₹64 હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં આવેલી અંબિકાનગર સોસાયટીમાં રહેતા એક બુટલેગરના ઘરે એ ડિવિઝન પોલીસની ટીમે દરોડો પાડી 64 હજારની મત્તાની મોંઘી બ્રાન્ડની વિદેશીદારૂની બોટલો જપ્ત કરી હતી.

ભરૂચ શહેરના અંબિકા નગર ખાતે રહેતો જિજ્ઞેશ ઉર્ફે સચીન સુરેશ છત્રીવાલા નામનો શખ્સ દારૂનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમને મળી હતી. જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પડ્યો હતો. પોલીસે તેના ઘરમાં તપાસ કરતાં બુટલેગર જિજ્ઞેશ ઉર્ફ સચીને તેના બેડરૂમમાં પેટીપલંગમાં દારૂનો જથ્થો સંતાડેલો હોવાનું જણાયું હતું. પોલીસે દારૂનો જથ્થો બહાર કાઢી જોતામાં તેમાં વિવિધ મોંઘીબ્રાન્ડની દારૂની નાની મોટી કુલ 46 નંગ બટલ તેમજ બિયરના ટીન મળી આવ્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, છેલ્લાં 20-25 દિવસમાં તે ત્રણવાર મહારાષ્ટ્ર ફરવા ગયો હતો. જ્યાંથી તેણે અલગ અલગ વાઈનશોપમાંથી વિદેશીદારૂ ખરીદી ભરૂચ વેચાણ કરવાના ઈરાદે લાવ્યો હતો.

**DATE: 28/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### DySPની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક

# અંકલેશ્વર શહેરમાં રથયાત્રા પહેલા પોલીસ તંત્ર સજ્જ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

આગામી 1 લી જુલાઈ ના રોજ અંકલેશ્વર ભરૂચીનકા કમાલીવાડી હરિદર્શન સોસાયટી ખાતે થી 2 વર્ષ બાદ ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા 2 વર્ષ થી કોરોના ને લઈ માત્ર મંદિર પરિસર માં પ્રદક્ષિણા યાત્રા યોજાતી હતી. છેલ્લા 20 વર્ષ થી શરુ થયેલ જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રા ચાલુ વર્ષે નગર માં 7 કિમી રૂટ પર ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા જી સાથે નગરચર્ય માં નીકળશે. ત્યારે શોભાયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે પોલીસ દ્વારા શાંતિ સમિતિ ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંકલેશ્વર ભગવાન જગન્નાથજી મંદિર ટ્રસ્ટના સભ્યો તેમજ હિન્દૂ આગેવાનો અને મુસ્લિમ આગેવાનો ઉપસ્થિતિ માં મળેલી બેઠકમાં અંકલેશ્વર વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈ દ્વારા યાત્રા કાયદો અને વ્યવસ્થા સાથે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તેવી આગેવાનો અપીલ કરી હતી અને આગેવાનો દ્વારા પણ યાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તેવી ખાતરી આપી હતી.

**DATE: 28/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એસપીની અધ્યક્ષતામાં હેડ ક્વાર્ટર ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

# ભરૂચમાં રથયાત્રા-બકરી ઇદના તહેવાર નિમિત્તે પોલીસનો રહેશે ચુસ્ત બંદોબસ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં કોરોનાકાળના બે વર્ષ બાદ આ વર્ષે ધામધુમથી જગન્નાથ રથયાત્રા નિકળશે. ઉપરાંત મુસ્લીમ સમાજનો પણ બકરી ઈદનો તહેવાર આવી રહ્યો છે. ત્યારે ધાર્મિક તહેવારોમાં કોઈપણ પ્રકારે કાયદો અને વ્યવસ્થા ન ખોરવાય તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. સોમવારે જિલ્લા એસપી ડો. લીના પાટીલની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં તેમણે આગેવાનો સાથે તહેવારોને



શાંતિમય માહોલમાં પુર્ણ કરવા માટેની ચર્ચા વિચારણા કરી હતી.

પોલીસ હેડક્વાર્ટર ખાતે તાલીમ ભવનમાં જિલ્લા એસપી ડો. લીના પાટીલની અધ્યક્ષતામાં શાંતિ સમિતિ અને રથયાત્રા સમિતિના આગેવાનો સાથે બેઠકનું આયોજન કરાયું હતું. ડો.લીના પાટીલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, રથયાત્રા ટાંણે વિડીયોગ્રાફી કરવા સાથે પોલીસ જવાનો ધાબાપોઈન્ટ પર તૈનાત રહેશે. ઉપરાંત બોડીવોર્ન કેમેરાથી સજ્જ પોલીસકર્મીઓ દ્વારા ઈન્ટરનલ પોઈન્ટ બંદોબસ્તમાં રહેશે. એખલાસના વાતાવરણને દુષિત કરનારા સામે કાર્યવાહી થશે.

**DATE: 28/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચ શહેરમાં ટ્રાફિકને નડતરરૂપ લારીઓ દૂર કરાઈ

ભરૂચ | ભરૂચ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા સોમવારે વાહન વ્યવહારને નડતરરૂપ રોડને અડીને ઉભેલી લારીઓને દુર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેના ભાગરૂપે પોલીસે શહેરના સેવાશ્રમ રોડ પર આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે તેમજ સ્ટેશન રોડ પર સુપર માર્કેટ સામે અને ફૂંગટા સ્કૂલ સામે ટ્રાફિકને નડતરરૂપ લારી ઉભી કરનારા લારી સંચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ત્રણેય વિસ્તારમાંથી 8થી વધુ લારી સંચાલકો સામે કાર્યવાહી કરી હતી. જ્યારે પોલીસને જોઈને અન્ય લારી સંચાલકો ત્યાંથી દુર હટી ગયાં હતાં.

**DATE: 29/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ત્રણ રસ્તા સર્કલ, શાકભાજી માર્કેટ સહિતના સ્થળોએ તવાઇ બોલાવી

# અંકલેશ્વરના માર્ગો પર આડેધડ વાહનો પાર્ક કરી દેનારાઓ દંડાયા

### ટ્રાફિકમાં નડતરરૂપ લારી અને ગલ્લાઓને પણ હટાવવામાં આવ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેરના માર્ગો સાંકડા છે અને તેમાં પણ આડેધડ રીતે વાહનો પાર્ક કરી દેવાતાં હોવાથી ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. મુખ્યમાર્ગો પર છાશવારે સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે પોલીસે ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી છે જે અંતર્ગત ગમે ત્યાં વાહનો પાર્ક કરી દેનારા વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો છે.

અંકલેશ્વરના ત્રણ રસ્તા સર્કલ, એપીએમસી, નગરપાલિકા કચેરી, ચૌટાનાકા, ભરૂચી નાકા સહિતના વિસ્તારોમાં રસ્તો સાંકડો છે અને તેના પર વાહનોનું ભારણ વધી રહ્યું છે. મુખ્યમાર્ગો પર આવેલી દુકાનો તથા લારીઓમાં ખરીદી માટે આવતાં તથા કચેરીમાં કામકાજ માટે આવતાં લોકો તેમના વાહનો આડેધડ રીતે પાર્ક કરી દેતાં હોવાથી ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. ટ્રાફિક પોલીસ વારંવાર ઝુંબેશ ચલાવી વાહન ચાલકોને તેમના વાહનો યોગ્ય રીતે પાર્ક કરવા માટે સુચના આપે છે પણ વાહન ચાલકો શેઠની શીખામણ ઝાપા સુધી હોય તેમ પોલીસની સુચનાને ભુલી જાય છે.

વાહનો આડેધડ રીતે પાર્ક કરી દેનારા વાહનચાલકો સામે હવે પોલીસે તવાઇ બોલાવી છે. ટ્રાફિક ને અડચણ રૂપ વાહન પાર્ક કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી. ટ્રાફિક વિભાગના પી.એસ.આઇ જે.પી.ચૌહાણે તેમના સ્ટાફ સાથે ત્રણ રસ્તા સર્કલ થી સ્ટેશન સુધીના મુખ્યમાર્ગ તેમજ શાકમાર્કેટ વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરી ગમે ત્યાં પાર્ક કરી જતાં રહેલાં વાહનચાલકોને દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત ટ્રાફિકને અડચણ રૂપ મુકી દેવાયેલાં લારી અને ગલ્લાઓ પણ દુર કરવામાં આવ્યાં હતાં.

**DATE: 30/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# છરો અને લાઈટર ગન સાથે પાંચ ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર પોલીસ મથક નો સ્ટાફ શહેરના ત્રણ રસ્તા સર્કલ પાસે વાહન ચેકીંગમાં રીક્ષામાં તપાસ કરતા નીચે થી એક છરો અને એક લાઈટર ગન મળી આવી હતી પોલીસે ભરૂચ ની દાંડિયા બજાર વિસ્તાર માં રહેતા અજય શંકર મકવાણા, લારા શંકર મકવાણા, શિવમ પ્રવીણ મકવાણા, માનવ રાકેશ ચૌહાણ અને રાહુલ ધુળા પંચાલ હોવાનું જણાવ્યું હતું. પોલીસે છરો અને સિગારેટ લાઈટર ગન અંગે પૂછપરછ કરતા તેઓ એ સંતોષકારક જવાબ નહિ આપતા તેઓ ની અટકાયત કરી રીક્ષા અને છરો તથા લાઈટર ગન કબજે કર્યાં હતાં.

**DATE: 30/06/2022 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### જગન્નાથ મંદિરેથી અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન

# અંકલેશ્વરમાં રથયાત્રાના રૂટ પર 100થી વધુ જવાનોની ફ્લેગમાર્ચ

## પ્રથમ વખત બંદોબસ્તમાં બોડીવોર્મ કેમેરાનો ઉપયોગ કરાશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર જગન્નાથ રથયાત્રા ને લઇ પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી. યાત્રા રૂટ પર પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ તેમજ યાત્રા ને લઇ રૂટ પર જરૂરી સ્થળ અને પોઈન્ટ પણ ચેક કર્યા હતા. 250 થી વધુ પોલીસ દ્વારા યાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ખડેપગે બંદોબસ્ત કરશે.

આગામી 1 લી જુલાઈ ના રોજ અંકલેશ્વર કમાલી વાડી ખાતે આવેલ ભગવાન જગન્નાથ રથયાત્રા સવારે 1 કલાકે વાજતે ગાજતે નીકળશે ત્યારે યાત્રા ને પોલીસ વિભાગ પણ સજ્જ થયું છે. યાત્રા અનુલક્ષી ને આજરોજ અંકલેશ્વર શહેર પોલીસ મથકેથી પી.આઈ. ની અધ્યક્ષતા માં ફૂટ પેટ્રોલિંગ માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 થી વધુ પોલીસ જવાનો જોડાયા હતા. તો પોલીસ દ્વારા રથયાત્રા નો રોડ મેપ આધારે પેટ્રોલિંગ કરી જરૂરી નિરીક્ષણ પણ કર્યું હતું આ ઉપરાંત પોલીસ દ્વારા. ચાલુ વર્ષે 33 બોડી કેમ સાથે પોલીસ જવાનો યાત્રા સાથે રહેશે. 1 ડીવાયએસપી, 2 પીઆઈ. 6 પી.એસ.આઈ. તેમજ 112 પોલીસ જવાનો અને 22 મહિલા પોલીસ ખડેપગે બંદોબસ્ત માં રહેશે. પોલીસ ની મદદ માં 6 એસ.આર.પી સેક્સન ટીમ અને 83 હોમગાર્ડ પણ ફરજ બજાવશે. આ ઉપરાંત પોલીસ ની વિશેષ સર્વેલન્સ સ્કોર્ડ ની એક ટીમ તેમજ ભરૂચ એસ.ઓ.જી, એલ.સી.બી, પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ પણ બંદોબસ્ત માં જોડાશે. તો પીક પોકેટર માટે પણ પોલીસ અલગ થી સિવિલ ડ્રેસ કોર્ડ માં તેનાત રહેશે.

**DATE: 30/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ગોળના નમુનાને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યાં

# અંકલેશ્વરમાં ત્રણ ગોડાઉનમાંથી 2.69 લાખનો ગોળનો જથ્થો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસ ના પી.એસ.આઈ. જે. એન. ભરવાડ અને એમ.એચ. વાઢેર ની ટીમ અંકલેશ્વર માં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર માં ભાલીયા વાડ ખાતે આવેલ સંજય અરવિંદ ગાંધી ના ગોડાઉન માં ગેરકાયદેસર રીતે દારૂ ગાળવાનો અખાદ્ય ગોળ વેચાણ કરી રહ્યા છે. જે આધારે પોલીસે દરોડા પાડતા ગોડાઉન માંથી પોલીસ ને શંકાસ્પદ અખાદ્ય ગોળ ન 25 કિલોગ્રામ વજન ન 276 ડબ્બા કુલ 6900 કિલોગ્રામ નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 69000 હજાર ઉપરાંત નો જથ્થો સીઝ કરી ગોડાઉન ને સીલ કર્યું હતું તેમજ અખાદ્ય ગોળ ના સેમ્પલ લીધા છે.

તો ગોયાબાજર ખાતે પણ ગણેશ ભાસ્કર ઘીવાલા ના ગોડાઉન માં પણ પોલીસે સર્ચ કરતા અંદર થી અખાદ્ય ગોળ ના 435 ડબ્બા મળી આવ્યા પોલીસે કુલ 10.850 કિલો શંકાસ્પદ ગોળ નો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ કુલ 10.8500 રૂપિયા નો જથ્થો સીઝ કરી ગોડાઉન ને સીલ માર્યું હતું તેમજ ગોળ ના સેમ્પલ લઈ એફ.એસ.એલ માં ડબ્બા માં મળેલ ગોળ નો જથ્થો કાળાશ પડતો અને હિલો તથા પોચો શંકાસ્પદ હોવાનો અભિપ્રાય આપ્યો હતો. આ ઉપરાંત અંકલેશ્વર ગુજરાત હાઉસિંગ બોર્ડ રોડ પર આવેલ આદર્શ સ્કૂલ પાસે પણ નરહરિ ભાઈ મોદી ના ગોડાઉન પર દરોડા પાડ્યા હતા જ્યાં પણ પોલીસને 25 કિલો વજન ના 365 ડબ્બા મળી આવ્યા હતા પોલીએ કુલ 91.500 રૂપિયા ના અખાદ્ય ગોળનો જથ્થો સીઝ કરી ગોડાઉન ને સીલ માર્યું હતું. તેમજ એફ.એસ. એલ માં સેમ્પલ મોકલી એફ.એસ. એલ ના એ.જે. ભટ્ટ દ્વારા ગોળ નો જથ્થો પ્રાથમિક અખાદ્ય હોવાનો રિપોર્ટ આવતા આ અંગે એલ સી બી પોલીસ એ શહેર પોલીસ મથકે નરહરિ ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 01/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું તે સમયે જ પોલીસની ટીમ ત્રાટકી

# નેત્રંગની આટકોલ ચોકડી પાસેથી 12.45 લાખના દારૂ સાથે બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નેત્રંગ નજીક આવેલી આટખોલ ચોકડી પાસેથી પોલીસે 12.45 લાખ રૂપિયાના દારૂ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યાં છે. ખેતરમાં આરોપીઓ દારુનું કટિંગ કરી રહયાં હતાં તે સમયે પોલીસે દરોડો પાડ્યો હતો.

નેત્રંગ પોલીસની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે આટખોલ ચોકડીથી પંજાબ નગરી તરફ જવાના રસ્તા ઉપર આવેલ કલ્પેશ પટેલના ખેતરમાં આવેલ આંબાવાડીમાં ભાગમાં અંદરની સાઈડે કંબોડીયાનો રાહુલ ઉર્ફે કાળીયો માલી તથા મુકેશ માલી તથા રાહુલ વસાવાનો દારુનો જથ્થો ઉતર્યો છે અને તેનુ કટિંગ ચાલી રહયું છે. પોલીસે દરોડો પાડતાં આરોપીઓમાં



નાસભાગ મચી ગઇ હતી. પોલીસે સ્થળ પરથી રતીલાલ વસાવા અન મહેશ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે બીજા આરોપી અંધારાનો લાભ લઈ ફરાર થઇ ગયા હતા. પોલીસે સ્થળ પરથી અલગ અલગ બ્રાન્ડનો દારૂનો જથ્થો તેમજ બે કારમાં દારૂનો જથ્થો ભરેલ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે સ્થળ ઉપરથી બે મોટરસાયકલ પણ કબજે લીધી છે. પોલીસે દારૂ તથા બિયર મળી કુલ 10,200 બોટલ કીમંત રૂ. 12.45 લાખ તથા વાહનો મળી કુલ 22.29 લાખ રૂપિયાનો મુદામાલ કબજે લીધો છે. ફરાર થઇ ગયેલાં પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. દારૂનું કન્સાઈન્મેન્ટ ડમ્પરમાં આવ્યું હતું. ડમ્પરમાંથી દારૂની પેટીઓ ઉતારી તેને કારમાં અલગ અલગ સ્થળે મોકલવામાં આવી રહી હતી ત્યારે જ પોલીસે દરોડો પાડ્યો હતો.

**DATE: 01/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## આરોપીએ એડવાન્સ ભાડું 1.75 લાખ લીધું હતું

# અંકલેશ્વરમાં 64.42 લાખના 2 ટ્રક સગેવગે કરવામાં વધુ એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની એશિયન પેઈન્ટસ કંપની 64.42 લાખના કલર ભરેલી 2 ટ્રકો બારોબાર સગે કરવાના મામલામાં વધુ એક આરોપીની જીઆઈડીસી પોલીસ થાણે સબ જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

તા.4 ડિસેમ્બર 2020 ના રોજ અંકલેશ્વરની એશિયન પેઈન્ટ્સ કંપનીમાંથી સિલિગુડી અને જલંધર 2 ટ્રકમાં 64.42 લાખનો કલરનો જથ્થો પહોંચાડવા માટે ઝીંકા લોજેસ્ટિક પાસેથી આરોપીએ લાખોના કલર ભરેલી 2 ટ્રકો ઓર્ડર સાથે એડવાન્સ ભાડું 1.75 લાખ લીધું હતું. આરોપી સંદીપ ગીરીએ અગાઉ પકડાયેલા નવનીત રામોલીયા સાથે મળી સુરત ના કોસાડમાં ગોડાઉન ભાડે રાખી બંને ટ્રક ત્યાં ખાલી કરાવી હતી.



જે પૈકી 28.10 લાખનો કલરનો જથ્થો વેચી માર્યો હતો.હજી આ ઉચાપત કેસમાં ઉત્તર પ્રદેશના બન્ને ટ્રક ડ્રાઈવર કુકરાન મોહંમદ ગુલફામ અને નવાબ ઈરફાન વોન્ટેડ છે.તો આ કેસમાં સંડોવાયેલા થાણેના ભાયંદર રોડ ઉપર આવેલ સ્વયમ હાઉસિંગ સોસાયટીમાં રહેતા નિર્ભય ઉર્ફે કાકુ મધુસુદન ઠક્કર ની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું જે આરોપીની છેતરપિંડીના કેસમાં મહારાષ્ટ્રના કાશીમીરા પોલીસે અટકાયત કરી થાણે સબ જેલમાં મોકલી આપ્યો હતો જે આરોપીની અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકે છેતરપિંડીના ગુનામાં નાસ્તો ફરતો હોય જી.આઈ.ડી.સી. પોલીસે તેની થાણે સબ જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 01/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### રથયાત્રાઓના રૂટ પર 1,500થી વધારે જવાનોને તૈનાત કરાશે

# ભરૂચમાં રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાવવા પોલીસ સજ્જ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં ત્રણ સ્થળોએથી નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રાઓ શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ સજ્જ બની છે. ત્રણેય રથયાત્રાઓના રુટ પર 1,500થી વધારે જવાનોનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. રથયાત્રા પુર્વે પોલીસે વધુ એક વખત ફ્લેગમાર્ચ યોજી ભૌગોલિક સ્થિતિનો આખરી ચિતાર મેળવ્યો હતો.

ભરૂચ શહેરમાં ફુરજાના મંદિરેથી ર૫૦ વર્ષથી નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રા માટે ૩ અલગ-અલગ રથ તૈયાર કરવામાં આવ્યા છે ત્રણેય રથમાં ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રાને બિરાજમાન કરવામાં આવશે અને નગરચર્યાએ નીકળશે. આ ઉપરાંત આશ્રય સોસાયટી નજીક પણ ભગવાન જગન્નાથ મંદિરેથી તેમજ ઇસ્કોન તરફથી પણ એક જ રથમાં ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રાને બિરાજમાન કરી શીતલ સર્કલથી રથયાત્રા કાઢવામાં આવશે. ત્રણેય રથયાત્રા શાંતિપુર્ણ રીતે સંપન્ન થાય તે માટે ૪90 પોલીસ જવાનો, 393 હોમગાર્ડ, 02 ડીવાયએસપી, 02,એ. એસ.પી, 12, પી.આઈ, 30 પીએસઆઈ સહીત એસ.આર. પી જવાનોનું એક ગૃપ , ડ્રોન તથા બોડી કેમેરા સાથે તૈનાત રહેશે.

**DATE: 01/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

પોલીસે ઘટનામાં હત્યાની કોશિશની કલમ હેઠળ ટોળા સામે ગુનો નોંધ્યો, ગણતરીના કલાકોમાં જ માહિર સહિત 21 આરોપીઓની ધરપકડ કરી

**સિગારેટના રૂપિયાને લઇ મુદ્દો સળગ્યો**

# જંબુસરમાં ટોળાનો જ્વલનશીલ પ્રવાહી નાખી હિંદુ મહિલા-દુકાનદારને સળગાવવાનો પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર સહિત સમગ્ર જિલ્લામાં આવતીકાલે રથયાત્રાનું પર્વ ઉજવવાનું છે તેના 36 કલાક પહેલાં જંબુસરમાં સીગારેટના નાણાં ચુકવવાની તકરારમાં હિન્દુ દુકાનદાર યુવક અને પરિચિત વૃધ્ધા પર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવી દેવાનો પ્રયાસ થયો હતો. ગામમાં જ રહેતા માહિર નામના શખ્સ સાથે દુકાનદારને સીગારેટના પૈસા લેવા બાબતે તકરાર થતા માહિરે અન્ય 25 થી 30 લોકોના ટોળાને બોલાવી આ કૃત્ય આચર્યું હતું. પોલીસે માહિર સહિત 21 આરોપીની ધરપકડ કરી લીધી છે પણ આવતીકાલે શુક્રવારે રથયાત્રા હોવાથી શાંતિ ડહોળાય નહીં તે માટે આરોપીઓના નામ જાહેર કર્યા નથી. કરાયાં નથી. હાલ જંબુસરના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

જંબુસરના કાવી રીંગ રોડ પર ગણેશ પ્રોવિઝન સ્ટોરના નામે દુકાન ચલાવતો વિશાલ કાલીદાસ રાઠોડ ગુરુવારે રાત્રે 10.30ના અરસામાં દુકાન બંધ કરી રહ્યો હતો ત્યારે ભાગલીવાડમાં રહેતો માહિર નામનો શખ્સ ત્યાં પહોંચ્યો હતો અને સીગારેટ ખરીદી હતી. વિશાલે માહિર પાસે સીગારેટના રૂપિયા માગતા શખ્સે અપશબ્દો બોલ્યા હતા. જેના પગલે બંને વચ્ચે તકરાર થઇ હતી. દરમિયાન માહિરે તેના સાગરિતોને ફોન કરી બોલાવતા થોડીવારમાં જ અલગ અલગ વાહનો પર 25થી 30 લોકોનું ટોળું ધસી આવ્યું હતું અને વિશાલ અને તેના ભાઇ સાથે ઝપાઝપી કરવા લાગ્યું હતું. ટોળા પૈકીના કેટલાક તેમની પાસેની બોટલોમાં ભરેલું જ્વલનશીલ પ્રવાહી દુકાન પર છાંટવાનો પ્રયાસ કર્યો હતો. તે વેળાં પાડોશમાં રહેતી જયાબેન નામની વૃધ્ધા છોડાવવા વચ્ચે પડતાં તેમણે વૃધ્ધા પર પણ જ્વલનશીલ પ્રવાહી છાંટ્યું હતું. ટોળાએ હંગામો કર્યો હોઇ કોઇએ પોલીસને જાણ કરી દીધી હોવાને કારણે ટોળું આગજનીની વારદાતને અંજામ આપે તે પહેલાં જ પોલીસ કાફલો ત્યાં દોડી આવતાં પોલીસને જોઇ તમામ હુમલાખોરો નાસી છુટ્યાં હતાં. બનાવ અંગે વિશાલે સિગરેટ ખરીદી કરવા આવેલાં માહિર તેમજ તેની સાથેના 25થી 30 લોકોના ટોળા વિરૂદ્ધ જંબુસર પોલીસ મથકે આઇપીસીની કલમ 323, 143, 147, 148, 149, 504, 506(2), 307, 436 તેમજ જીપી એક્ટ135 હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

દુકાનમાં આગજની કરવાનો અને વૃદ્ધાને સળગાવી દેવાના પ્રયાસ જેવી ગંભીર ઘટના અંગે ભરૂચ એસપી ડો. લીના પાટીલને જાણ થતાં તેઓ તુરંત સ્થળ પર દોડી આવ્યાં હતાં. ઉપરાંત માહોલ વધુ ન વણસે તે માટે વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરવા સાથે વિશાલ રાઠોડની દુકાન પાસે તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. પોલીસની અલગ અલગ ટીમોએ વિશાલ રાઠોડની ફરિયાદના આધારે બનાવના ગણતરીના કલાકોમાં જ હુમલો કરનાર ટોળા પૈકીના 21 શખ્સોની ધરપકડ કરી છે. જોકે, પોલીસે હજી આરોપીઓના નામ જાહેર કર્યાં નથી.



જંબુસર શહેરમાં એસઆરપીના જવાનોએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.

## મેં ફક્ત સિગરેટના રૂપિયા માંગ્યાં તો અપશબ્દો બોલ્યો



હું અને મારો ભાઇ રાત્રે 10.30 વાગ્યે દુકાન બંધ કરી રહ્યો હતો. ત્યારે ભાગલીવાડનો માહિર નામનો યુવાન આવ્યો હતો. તેણે સિગરેટ માંગતાં તેને આપી હતી. જે બાદ મે તેની પાસે રૂપિયા માંગ્યા તો તેણે અપશબ્દો કહી મારી સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. અરસામાં તેણે તેના મિત્રોને ફોન કરી બોલાવતાં તેઓએ આવી હંગામો કર્યો હતો. કોઇ જ્વલનશીલ પ્રવાહી અમારા પર અને દુકાન પર છાંટ્યું હતું. બાજુમાં રહેતાં જયાબાસી છોડાવવા આવતાં તેમના પર પણ પ્રવાહી છાંટ્યું હતું. જોકે, એટલામાં પોલીસ આવી જતાં બધા ભાગી ગયાં હતાં. પોલીસે આવવામાં થોડું પણ મોડું કર્યું હોત તો તેઓ આગચાંપી દેત. માહિર ક્યારેક ક્યારેક જ અમારી દુકાને આવે છે તેની સાથે અગાઉની કોઇ તકરાર પણ નથી. છતાં તેણે કેમ આવુ કર્યું તે અમને પણ સમજાતું નથી. **વિશાલ રાઠોડ**, ફરિયાદી

## જંબુસર શહેરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અજંપાભરી શાંતિ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

લઘુમતિકોમના ટોળાએ હુમલો કર્યો હોવાનો અને તેમાંય સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હોવાની વાત વાયુ વેગે પંથકમાં ફેલાઇ જતાં ભારેલા અગ્ની જેવો માહોલ ઉભો થયો હતો. ભરૂચ એસપીએ તુરંત જંબુસરમાં એસઆરપી જવાનોની ટુકડી ઉતારી દીધી હતી. જંબુસર શહેરના વિવિધ વિસ્તારોમાં એસઆરપી જવાનોની ફ્લેગમાર્ચ કરી સંવેદનશીલ વિસ્તારોનો ચિતાર મેળવવા સાથે વિવિધ પોઇન્ટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બીજી તરફ પોલીસની એક ટીમે 21 જેટલાં આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં. શુક્રવારે જગન્નાથ રથયાત્રા અને બાદમાં રવિવારે બકરી ઇદનો તહેવાર આવતો હોઇ પંથકમાં કાયદો અને વ્યવસ્થા સુપેરે પાર પડે તે માટે એસપી ડો. લીના પાટીલે પુરતો બંદોબસ્ત ખડકી દીધો હતો.

## રિક્શામાંથી જ્વલનશીલ પ્રવાહી કાઢ્યું હતું

જંબુસરમાં મહિલા ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટવામાં આવ્યું હતું તે આરોપીની રિક્શામાંથી કાઢવામાં આવેલી બોટલમાં ઓઇલ, પેટ્રોલ - ડિઝલ છે કે બીજું કઇ તેનો અહેવાલ એફ.એસ.એલ આપશે. આ બનાવ અંગત અદાવતનો નહીં પરંતુ અચાનક બનેલી ઘટના છે. 21 આરોપીઓને ઝડપી લેવાયા છે અને તેમને કાલે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવામાં આવશે. **ડો. લીના પાટીલ**, એસપી, ભરૂચ

**DATE: 02/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**



મેઘરાજાના વધામણાં : ભરૂચ અને અંકલેશ્વરમાં જય જગન્નાથના જયઘોષ સાથે અષાઢી બીજની ઉજવણી

# ભૃગુધરા પર નાથની નગરચર્યા

## ભરૂચની આશ્રય સોસાયટીમાં વિવિધતામાં એકતા જોવા મળી

## અંકલેશ્વરમાં શ્રદ્ધાળુઓએ પ્રભુ પરિવારનો રથ ખેંચ્યો

## ઇસ્કોનની રથયાત્રામાં હરે કૃષ્ણ હરે રામની ધુન ગુંજી ઉઠી

## રથયાત્રામાં કોમી એકતાના દર્શન થયાં : ઠેરઠેર સ્વાગત કરાયું